## સુરત મહાનગરપાલિકા
## ફાયર અને ઈમરજન્સી સર્વિસીસ

# –:: જાહેર નોટીસ ::–

ચાલુ વર્ષે નવરાત્રી મહોત્સવની ઉજવણી સુરત શહેરમાં કરવામાં આવનાર હોય આ નવરાત્રી મહોત્સવ દરમ્યાન આવા મંડપ, પંડાલ કે ટેમ્પરરી સ્ટ્રકચરમાં વિપુલ પ્રમાણમાં જનમેદની આવતી હોય જેથી જાહેર જનતાની સલામતીને ધ્યાને લેતા સુરત શહેર ખાતેનાં આવા તમામ મંડપ, પંડાલ કે ટેમ્પરરી સ્ટ્રકચરમાં કોઈ જાનહાની ન થાય તે માટે આવા મંડપનાં સંચાલકો / ઓર્ગોનાઈઝર ધ્વારા પોતાનાં મંડપ, પંડાલ કે ટેમ્પરરી સ્ટ્રકચર પ્રિમાઈસીસમાં ફાયર સેફટીની સલામતી માટે / કરવા જોગ કામગીરી માટે અત્રે થી સુચન તૈયાર કરવામાં આવેલ હોય જેથી નવરાત્રી મહોત્સવનાં મંડપ / પંડાલ / ટેમ્પરરી સ્ટ્રકચરનાં સંચાલકો / ઓર્ગોનાઈઝર ધ્વારા નિર્દિષ્ટ નિયમાવલીનું અચુક પાલન કરી ગુજરાત સરકારશ્રીની વેબસાઈટ **https://fscop.gujfiresafetycop.in** ઉપર ઓનલાઈન એપ્લાય કરીને ફાયર અભિપ્રાય અચુક મેળવી લેવાનો રહેશે.

| | |
|---|---|
| ૧ | નવરાત્રી આયોજક દ્વારા કોઈ પણ મંડપ, પંડાલ કે ટેમ્પરરી સ્ટ્રકચરનું સ્ટેજ બનાવે ત્યારે આ પંડાલ પાસે સ્કુલ, હોસ્પિટલ,જવલનશીલ પદાર્થના ગોડાઉન ઈત્યાદી થી દુર નિર્માણ કરવાનાં રહેશે. આ માટે મંડપમાં ફાયર ના વાહનો આવી શકે તે મુજબ રોડ, રસ્તા ખુલ્લા રાખવાનાં રહેશે તથા રસ્તામાં કોઈ પ્રકારનાં અવરોધક હોય તેને દુર કરવાનાં રહેશે. વધુમાં આવા મંડપને મુખ્ય રસ્તા / રોડ થી ૪૫ મી. થી વધારે દુર રાખવા નહી. |
| ૨ | નવરાત્રી આયોજક દ્વારા મંડપની બહાર કોઈપણ પ્રકારની ભઠ્ઠી, ઈલેકટ્રીક સબ સ્ટેશન, ઈલેકટ્રીક ટ્રાન્સર્ફોમર, ઈલેકટ્રીક હાઈટેન્શન લાઈન કે રેલવે લાઈન થી ઓછામાં ઓછા ૧૫ મી. થી દુર રાખવાનાં રહેશે. અને આજુ બાજુના સ્ટ્રકચર વચ્ચે ઓછામાં ઓછુ ૦૫ મીટરનું અંતર રાખવાનાં રહેશે. |
| ૩ | આયોજક દ્વારા આ સ્ટ્રકચર/પંડાલની અંદર કોઈપણ પ્રકારના સ્ટોલ બનાવા નહી તથા સ્ટેજની નજીક કે સ્ટેજના નીચેના ભાગમાં આગ લાગી શકે તેવા કોઈપણ પ્રકારના ઘન કે પ્રવાહી પદાર્થનો સંગ્રહ કરવો નહી. |
| ૪ | આવા મંડપની પ્રવેશ દ્રવારની ઉચાઈ તેમજ પહોળાઈ ઓછામાં ઓછી ૦૫ મીટર રાખવી તેમજ પંડાલની કેપેસીટી મુજબનાં નિયમોનુસારના વ્યકિતઓ ને જ પ્રવેશ આપવા અને વ્યકિત દીઠ ઓછામાં ઓછી ૦૧ સ્કવેર મીટર જગ્યા મુજબ જ પ્રવેશ આપવો. |
| ૫ | નવરાત્રી પંડાલમાં આયોજક ધ્વારા દ્વારા ફિક્ષ પાર્ટીશન કરવાનાં રહેશે નહિ તેમજ કોઈ પણ ઈમરજન્સીના સમયે મંડપની અંદર રહેલા વ્યકિતઓ સહેલાઈથી ઈમરજન્સી એકઝીટ/બહાર તરફ જઈ શકે તે મુજબ રાઉન્ડ ધ કલોક રસ્તા ખુલ્લા રાખવાનાં રહેશે. તથા પંડાલની પ્રત્યેક બહારની સાઈડ એટલે કે ચારે દિશામાં ફાયરના વાહનો ફરી શકે તે મુજબ ઓછામાં ઓછા ૦૬ મીટરનો રસ્તો અચુક ખુલ્લો રાખવાનો રહેશે. |
| ૬ | નવરાત્રી આયોજક દ્વારા પંડાલમાં દૈનિક કેટલા વ્યકિતઓ / દર્શકો / ખેલૈયાઓ પ્રવેશે છે તેનો સંપુર્ણ નામ, મોબાઈલ નંબર, સરનામાં સહિતના દસ્તાવેજી રેકોર્ડ રાખવાનો રહેશે. |
| ૭ | નવરાત્રી આયોજક દ્વારા ઓછામાં ઓછા બે (૨) પરસ્પર વિરુદ્ધ દિશામા ‘EMERGENCY EXIT" રાખવાં અને તમામ ગેટની સામેના ભાગે ૦૫ મીટર જગ્યા ખુલ્લી રાખવી. |
| ૮ | નવરાત્રી આયોજક દ્વારા સ્ટ્રકચરની અંદર જવાના તથા બહાર નીકળવાના માર્ગો પર ઈવેકયુએશન પ્લાન અચુક ઉપલબ્ધ કરાવવા તથા સરળતાથી વાંચી શકાય તે મુજબ ઓટો ગ્લોવ /ફલોરોસન્ટ / ઈલેકટ્રીક લાઈટ મટીરીયલ તથા ઈમરજન્સી કોન્ટેક નંબર ફાયરના સાધનોના બોર્ડ, એસ્કેપ રૂટ ‘NO SMOKING ZONE", "EXIT",‘EMERGENCY EXIT" વિગેરેના સાઈનેજીસ/બોર્ડ અચુક લગાવવા. |
| ૯ | નવરાત્રી આયોજક દ્વારા બેઠક વ્યવસ્થા થી બહાર નીકળવાનો રસ્તો (TRAVELING DISTANCE) ૧૫ મી. થી વધારે રાખવો નહિ તથા એક એકઝીટ થી બીજા એકઝીટ વચ્ચે ૧૫ મી. થી વધુ અંતર ન રહે તે મુજબ વ્યવસ્થા કરવી. |
| ૧૦ | નવરાત્રી આયોજક દ્વારા કરવામાં આવેલ બેઠક વ્યવસ્થામાં સીટની રો અને ૧૦ બેઠક પછી ઓછામાં ઓછી ૧.૫ મીટરની પેસેજની જોગવાઈ અચુક કરવી. |
| ૧૧ | આયોજક દ્વારા કોઈપણ મંડપ ,પંડાલ કે ટેમ્પરરી સ્ટ્રકચરનું સ્ટેજ બનાવે ત્યારે તેના પડદા અને કાર્પેટને ફાયર રીટાઈઈન્ડન્ટ પેઈન્ટ અચુક કરાવવુ અને જમીન ઉપર બીછાવવા જોગ કાર્પેટ પણ આગ અકસ્માતથી સુરક્ષિત રહે તે મુજબ વ્યવસ્થા કરવી. |
| ૧૨ | મંડપ આયોજક દ્વારા મંડપમાં કરવામાં આવતા ઈલેકટ્રીક વાયરીંગ પ્રર્વતમાન વિજળી અધિનિયમ મુજબ કરાવવા તથા આ મંડપમાં કરવામાં આવેલ તમામ ઈલેકટ્રીક વાયરીંગ અંગે ગવર્મેન્ટ અપ્રુવડ ઈલેકટ્રીક ઈજનેરશ્રી / સંસ્થા પાસે ચકાસણી કરાવી આ બાબતનું સર્ટીફિકેટ રજુ કરવું અને આ ઈલેકટ્રીક વીજ ઉપકરણોનું ઈન્સ્ટ્રોલેશન સરકારશ્રીના લાગત ધારા ધોરણ મુજબ કરવા. |

| | |
|---|---|
| ૧૩ | આ પંડાલમાં કરવામાં આવનાર ઈલેકટ્રીક વાયરીંગ પી.વી.સી આવરણવાળા કંડકટર અથવા ટફ રબર વલ્કેનાઈઝેશન કરાવી વાયરીંગના તમામ જોઈન્ટ પોર્સેલેઈન ઈન્સયુલેટેડ કનેકટર્સ કરાવવા. |
| ૧૪ | મંડપ આયોજકો દ્રારા સ્ટેજ અને તેની પ્રીમાઈસીસ થી ડીઝલ જનરેટર દુરનાં અંતરે રાખવા. |
| **૧૫** | મંડપ આયોજકો દ્રારા ઈલેકટ્રીકનું મુખ્ય સ્વીચબોર્ડ અલ્ટરનેટ કરંટ (એ.સી.)/ ગેલ્વેનાઈઝડ આર્યન સીટ (જી.આઈ.) માં બનાવવા તથા આવા હંગામી મંડપ થી દુરના અંતરે ઈલેકટ્રીક જંકશન બોર્ડ પાઈલોટીંગ સાથે ઉપલબ્ધ કરાવવા. |
| ૧૬ | મંડપ સંચાલકો દ્રારા કોઈ પણ પ્રકારનાં ઈલેકટ્રીક લાઈટીંગ બલ્બ કે ટયુબ લાઈટ કે તેના કોઈ પણ પાર્ટસથી મંડપના કોઈ ભાગ કે સુશોભન અથવા સળગી ઉઠે તેવી જવલંનશીલ સામગ્રી રાખવા નહી. વધુમાં LPG સીલીન્ડર, ઓપન ફલેમ સળગી ઉઠે તેવા પદાર્થનો ઉપયોગ આ પ્રીમાઈસીસમાં કરવા નહી. |
| ૧૭ | મંડપ સંચાલકો દ્રારા આવા પંડાલ કે પંડાલની બહાર સળગી ઉઠે તેવી જવંલનશીલ સામગ્રી કે પદાર્થ પ્રવાહી રાખવા નહી તથા ફટાકડાનો ઉપયોગ કે સંગ્રહ કરવો નહી તથા પંડાલમાં કે પંડાલની બહાર ફાયર ક્રેકર્સ કે રસોઈ બનાવાની સામગ્રી, ધૂમ્રપાનના સાધનો કે આગ લાગી શકે તેવા કોઈ પદાર્થ કે જયોત ઈત્યાદી રાખવા નહી. |
| ૧૮ | ફાયર વિભાગ તરફથી અભિપ્રાય મળ્યા બાદ આ મંડપ / પંડાલમાં કોઈ પણ બાંધકામમાં કોઈ પણ પ્રકારનો ફેરફાર ફાયર વિભાગની અનુમતી વગર કોઈ પણ સંજોગોમાં કરવો નહી. |
| ૧૯ | મંડપમાં મોશન ફિલ્મ બતાવવા માટે સ્કીન ઉપલબ્ધ કરવામાં આવેલ હોય તો ફરજિયાત ફાયર સેફટી ફિલ્મ અચુક પ્રદર્શિત કરવાનુ રહેશે. |
| ૨૦ | મંડપ સંચાલકો દ્રારા ધાર્મિક હેતુ માટે કરવામાં આવતા હવન, નાના હવન કુંડનો ઉપયોગ કરવામાં આવે ત્યારે પુરતી ફાયર સેફટીની સુવિધા ઉપલબ્ધ કરવી અને આવી જગ્યાની છત ઉપર ૦૬ સે.મી. કરતા ઓછી ન હોય તે મુજબની સી.આઈ / જી.આઈ. શીટની વ્યવસ્થા કરવી. |
| ૨૧ | મંડપ સંચાલકો દ્રારા મંડપમાં માતાજીની મુર્તી પાસે રાખવામાં આવતા દિવા નીચે રેતી અચુક રાખવી અને મંડપના સંચાલન અર્થે ઓછામાં ઓછા બે થી ત્રણ સ્વયંમ સેવકો રાઉન્ડ ધ કલોક મંડપમાં ઉપલબ્ધ રાખવા. |
| ૨૨ | મંડપ સંચાલકો દ્રારા મંડપમાં આગ અકસ્માતની સલામતી અર્થે માતાજીના ઉત્સવના તમામ સમયગાળા દરમ્યાન ફાયર એક્ષટીંગ્યુશરના ઉપયોગ કરી શકે તેવા આ કામનાં જાણકાર પ્રશિક્ષિત વ્યકિતઓને અચુક રાઉન્ડ ધ કલોક હાજર રાખવા. |
| ૨૩ | મંડપ સંચાલકો દ્રારા મંડપમાં આવતી જનમેદનીને સુચના આપવા પબ્લિક એડ્રેસ સીસ્ટમ અચુક રાખવી. |
| ૨૪ | મંડપ / પંડાલમાં આગ સલામતી અર્થે પાણીનો પુરવઠો ફલોર એરિયાના ૦.૭૫ લીટર/ સ્કવેર મીટર કરતા ઓછો રાખવો નહી તથા પાણીનો પુરવઠો ડ્રમ, બકેટ, ટાંકીમાં સુવ્યવસ્થિત રીતે ઉપયોગમાં લઈ શકાય તે મુજબ ગોઠવણ કરવી. |
| ૨૫ | મંડપ સંચાલકો દ્રારા પ્રત્યેક ૧૦૦ ચો.મી. વિસ્તારને ધ્યાને લેતા મંડપમાં તમામ સમયગાળા દરમ્યાન ઓછામાં ઓછા ૦૨ નંગ ABC ફાયર એક્ષટીંગ્યુશર ૦૬ કી.ગ્રાની ક્ષમતાના તથા ઓછામાં ઓછા ૦૨ નંગ $CO_2$ ફાયર એક્ષટીંગ્યુશર ૪.૫ કી.ગ્રાની ક્ષમતાનાં તથા ૨૦૦ લીટર પાણી ભરેલા નંગ ૦૫ ડ્રમ ઢાંકીને રાખવા તથા રેતી ભરેલી ૦૪ બાલ્ટી સ્ટેન્ડ સહિત અચુક આ મંડપ પ્રીમાઈસીસમાં ચારેકોર ઉપલબ્ધ રાખવીતેમજ ફાયર ઈકિવપમેન્ટનું મેન્ટેનન્સ તથા ડેઈલી ઈન્સ્પેકશન અચુક કરવું. |
| ૨૬ | મંડપ સંચાલકોને જણાવવાનુ કે, ઉકત સુચના ફકત ફાયર સેફટીના સીલામતી અર્થે આપવામાં આવેલ છે. અને ફાયર વિભાગ સિવાયની અન્ય ઓથોરીટી જેવી કે ,પોલીસ વિભાગ, ટ્રાફિક વિભાગ, મ્યુનિસિપલ કોર્પોરેશન કે અન્ય લાગત વિભાગો થકી આપવામાં આવતી સુચનાઓ ગાઈડલાઈન્સનું પાલન તથા અમલવારી કરી, લાગત વિભાગના '' ન—વાંધા પ્રમાણપત્ર'' અચુક મેળવી લેવા. |
| ૨૭ | મંડપ સંચાલકો દ્રારા ગુજરાત ફાયર પ્રિવેન્સન એન્ડ લાઈફ સેફટી મેઝર્સ એકટ અને તેના રૂલ્સ અને રેગ્યુલેશન તેમજ વખતો — વખતના સૂચનોનું પાલન કરવા અંગેનું સેલ્ફ ડીકલેરેશન અચુક રજુ કરવા. |
| ૨૮ | આગ અકસ્માતના કેસમાં તાકીદે ફાયર વિભાગના ૧૦૧,૧૧૨,૧૦૨, ૦૨૬૧—૨૪૧૪૧૯૫/ ૯૬ / ૩૯ નંબર ઉપર સંપર્ક કરવો. |
| ૨૯ | નવરાત્રી સંચાલકોએ ફાયર વિભાગના અધિકારીઓ દ્રારા વખતો વખતે આપવામાં આવતી સુચનાઓ તથા ઉકત સુચનાઓનું અચુક પાલન કરવા અંગેની લેખિત બાંહેધરી રૂા.૩૦૦/—નાં સ્ટેમ્પપેપર ઉપર નોટરી કરીને આપવી. |
| ૩૦ | તમામ મંડપ સંચાલકોએ ફાયર વિભાગ ધ્વારા આપવામાં આવતી સુચનામાં જરૂરીયાત મુજબ વધારો / ઘટાડો કરવામાં આવે તે હર હંમેશા માન્ય રાખવાનો રહેશે. |

ઉપરોકત સુચનાઓ તથા ટેમ્પરરી સ્ટ્રકચર માટે ભારત સરકારશ્રીનાં તથા ગુજરાત સરકારશ્રીનાં આગ સલામતી માટેનાં નિયમોનું ચુસ્ત અમલ કરવાનાં રહેશે. ઉપરોકત સુચનાઓના અમલ થયેલ ન હોય અને સુચના પ્રમાણેનાં રસ્તાઓ ખુલ્લા રાખવામાં નહી આવ્યેથી તેમજ ફાયર એન્જીન જો અંદર મંડપ પેરાફેરીમાં પ્રવેશ કરી શકશે નહી અને કોઈ અઘટિત ઘટના કે બનાવ બનશે તો અને આગ અકસ્માત થશે તો તેની સંપુર્ણ જવાબદારી આવા મંડપનાં સંચાલક / આયોજક /ઓર્ગોનાઈઝર/ મેનેજરની વિગેરની રહેશે જેની આ જાહેરાત મારફતે સંબધિત તમામે અચુક નોંધ લેવી.

સહી/—

ડે. મ્યુ. કમિશ્નર
સુરત મહાનગરપાલિકા